ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૧૮ * * * સંવત ૨૦૮૨ પોષ વદ નોમ, સોમવાર ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

સોમનાથ સ્વાભિમાન પર્વ : હજારોની જનમેદની વચ્ચે પીએમ મોદીએ અજેય ભારતીય સંસ્કૃતિનો જયઘોષ કરાવ્યો

લોકોના હૃદય ક્યારેય તલવારની ધારે જીતી ન શકાય : મોદી

જે સંસ્કૃતિ બીજાને કચડીને આગળ વધવા માગે છે, તે અંતે પોતે જ ઇતિહાસ બનીને રહી જાય છે

સોમનાથનો ઇતિહાસ વિનાશ અને હારનો નહીં, પરંતુ વિજય અને પુનર્નિર્માણનો છે : પીએમ મોદી

સોમનાથના પુન:નિર્માણનો વિરોધ કરતી શક્તિએ હજુ પણ સક્રિય, તેમને હરાવવા સતર્ક રહેવાની જરૂર



■ રવિવારે સોમનાથ મંદિરની શૌર્ય યાત્રા શંખ સર્કલથી શરૂ થઈ હતી અને યાત્રામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુલ્લા વાહનમાં બેસીને લોકોનું અભિવાદન સ્વીકારતા આગળ વધ્યા હતા. તેમણે સોમનાથ મંદિર સંકુલની સામે આવેલા વીર હમીરજી ગોહિલ સર્કલ સુધી લગભગ એક કિલોમીટરનો પ્રવાસ કર્યો હતો. મોદીએ શોભાયાત્રાની શરૂઆતમાં થોડા સમય માટે ઢોલ વગાડ્યો હતો અને તેમણે મંદિરમાં પ્રાર્થના અને પૂજન પણ કર્યું હતું. યાત્રા દરમિયાન ઋષિ કુમારોનું એક જૂથ, ભગવાન શિવનું વાઘ 'ડમરુ' વગાડતા મોદીના વાહન સાથે ચાલ્યું અને મોદીએ પોતે એક પૂજારી પાસેથી ડમરુ ઉધાર લઇને તેમના વાહન પર ઉભા રહીને વગાડ્યું હતું.

ગાંધીનગર, તા.11 : અરબી સમુદ્રના કિનારે બિરાજમાન ભગવાન સોમનાથના પવિત્ર સાનિધ્યમાં યોજાયેલા સોમનાથ સ્વાભિમાન પર્વમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અજેય ભારતીય સાંસ્કૃતિક મૂલ્યો, સ્વાભિમાન અને અડગ આસ્થાનો પ્રચંડ જયઘોષ કર્યો હતો. એક હજાર વર્ષ પૂર્વે થયેલા આક્રમણોના ઈતિહાસને સ્મરીને તેમણે કહ્યું હતું કે, સોમનાથનો ઈતિહાસ વિનાશનો નહીં, પરંતુ વિજય, પુનર્નિર્માણ અને અખંડ સંસ્કૃતિનો ઈતિહાસ છે. મોદીએ કહ્યું કે સ્વતંત્રતા પછી સોમનાથ મંદિરના પુન:નિર્માણનો વિરોધ કરતી શક્તિઓ હજુ પણ આપણી વચ્ચે સક્રિય છે, અને ભારતે તેમને હરાવવા માટે સતર્ક, એકતા અને મજબૂત રહેવાની જરૂર છે.

શૌર્યસભાને સંબોધતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે પાછલા 1000 વર્ષ ભારતને આવનારા હજાર વર્ષ માટે દિશા આપે છે. સોમનાથ મંદિર માત્ર ધાર્મિક કેન્દ્ર નથી, પરંતુ ભારતની અડગ આસ્થા, આત્મસન્માન અને સાંસ્કૃતિક ચેતનાનું પ્રતીક છે. તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે તલવારની ધાર પર કોઈના હૃદય જીતી શકાય નહીં અને જે સંસ્કૃતિ બીજાને કચડીને આગળ વધવા માગે છે, તે અંતે પોતે જ ઇતિહાસ બની જાય છે.

વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સર્જનનો માર્ગ લાંબો હોય છે, પરંતુ ચિરકાલીન હોય છે, અને સોમનાથ સ્વાભિમાન પર્વ વિનાશના સ્મરણ માટે નહીં, પરંતુ હજારો વર્ષની અડગ યાત્રા અને પુનર્નિર્માણની પરંપરાનો ઉત્સવ છે. તેમણે કહ્યું હતું કે અનેક આક્રમણો છતાં ન તો સોમનાથ નષ્ટ થયું, ન તો ભારત, કારણ કે ભારતની આત્મા અને આસ્થાના કેન્દ્રો અવિનાશી છે.

પ્રવાસના દ્વિતીય દિવસે વડાપ્રધાન મોદીએ ભગવાન સોમનાથ સમક્ષ વિધિવત પૂજા-અર્ચના કરી હતી. તે પૂર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને અન્ય મંત્રીઓ સાથે ૧૦૮ અશ્વો અને કેસરી સાફાધારી અસવારોની ભવ્ય શૌર્ય યાત્રા યોજાઈ હતી. શૌર્ય યાત્રા દરમિયાન પ્રભાસ પાટણની ધરા પર ઐતિહાસિક ઉત્સાહ જોવા મળ્યો હતો.પીએમ મોદી પણ ખુલ્લી કારમાં આ શૌર્ય યાત્રામાં જોડાયા હતા.

પીએમ મોદીએ વીર હમીરજી ગોહિલ તથા સોમનાથ મંદિરના પુનરોત્થાનના સંકલ્પક સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને કહ્યું હતું કે સોમનાથનો ઈતિહાસ પરાજયનો નહીં, પરંતુ ધૈર્ય, ત્યાગ અને પુનર્નિર્માણનો છે. ગઝનવીથી ઔરંગઝેબ સુધીના આક્રમણકારો સનાતન પરંપરાની આત્માને સમજી શક્યા નહોતા એમ તેમણે જણાવ્યું.

આઝાદી બાદ સોમનાથ મંદિરના પુનર્નિર્માણ માટે સરદાર પટેલે લીધેલો સંકલ્પ રાષ્ટ્રીય સ્વાભિમાનનું પ્રતીક હોવાનું જણાવી વડાપ્રધાને કહ્યું હતું કે, આજે પણ દેશવિરોધી અને વિભાજનકારી તાકાતો સક્રિય છે, જેને સામે એકતા, સતર્કતા અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવું જરૂરી છે.ભારતના આગામી હજાર વર્ષના વિરાટ સ્વપ્નનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે વિકસિત ભારતનો વિશ્વાસ આજે ૧૪૦ કરોડ દેશવાસીઓના મનમાં મજબૂત થયો છે. ભારત ગરીબી સામે વિજય મેળવનારું, વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનનારું અને ગૌરવભેર ઊભું રહેતું રાષ્ટ્ર બનવા તૈયાર છે.

આ પ્રસંગે સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે સોમનાથ સ્વાભિમાન પર્વ રાષ્ટ્રના આત્મસન્માન અને અતૂટ આસ્થાનું પર્વ છે. ભગવાન સોમનાથનું મંદિર માત્ર ઈંટ-પથ્થર નહીં, પરંતુ સરદાર સાહેબની સંકલ્પ શક્તિનું જીવંત પ્રતીક છે. વડાપ્રધાન મોદીની પ્રેરણાથી ઉજવાતું આ પર્વ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને નવી ઊંચાઈ આપશે.નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે સોમનાથ એ ભારતની આત્માએ આક્રાંતાઓને આપેલો પડકાર છે. ગઝનવી ઈતિહાસ બની ગયો, પરંતુ સોમનાથ આજે પણ અજેય ઊભું છે. કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે સોમનાથ સનાતન સંસ્કૃતિનું સ્વાભિમાન છે અને વડાપ્રધાન મોદી સમગ્ર દેશનું અભિમાન છે.

અંતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે સોમનાથ સ્વાભિમાન પર્વને વિરાસત, આધ્યાત્મિકતા અને રાષ્ટ્રીય ગૌરવનો સંગમ ગણાવ્યો અને નવી પેઢીને ભારતીય સંસ્કૃતિના સામર્થ્ય સાથે જોડાવાનું આહ્વાન કર્યું.

ન્યૂઝ બ્રીફ

સોનિયા ગાંધીને ગંગા રામ હોસ્પિટલમાંથી રજા અપાઇ

નવી દિલ્હી. કૉંગ્રેસ નેતા સોનિયા ગાંધી, જેમને છાતીમાં ચેપને કારણે શ્વાસનળીના અસ્થમાની બીમારી વધી જતાં લગભગ એક અઠવાડિયા પહેલા સર ગંગા રામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, તેમને રવિવારે રજા આપવામાં આવી હતી. એમ હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સારવારની સારી અસર થઈ છે અને તેમની તબિયત સારી છે. હોસ્પિટલના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ' 'કૉંગ્રેસના વરિષ્ઠ નેતાને આજે સાંજે ૫ વાગ્યે હોસ્પિટલમાંથી

...અનુસંધાન પાના 2 પર

જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક સર્ચ ઓપરેશન શરૂ

જમ્મુ. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુપ્તચર એજન્સીઓએ અહીં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક કાનાચક વિસ્તારમાં સેટેલાઇટ ફોન કોમ્યુનિકેશન મેળવ્યા બાદ સુરક્ષા દળોએ રવિવારે એક વિશાળ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, શંકાસ્પદ આતંકવાદીઓ દ્વારા થુરાયા સેટેલાઇટ ડિવાઇસ દ્વારા કરવામાં આવેલા સંદેશાવ્યવહારને પગલે જમ્મુ અને કાશ્મીર પોલીસ, બોર્ડર સિક્યુરિટી ફોર્સ, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને આર્મીના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા

...અનુસંધાન પાના 2 પર

તા.૧૧-૦૧-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૨૮.૮° સે.	૧૨.૪° સે.	૪૭%

હજાર આત્મઘાતી બોમ્બરો ભારત હૂમલો કરવા તૈયાર : મસૂદ અઝહર

1000થી વધુ આત્મઘાતી બોમ્બરો ભારત પર હુમલો કરવા પોતાની પરવાનગી માગી રહ્યા હોવાની અઝહરની ડંફાસ

જો હું પૂરી સંખ્યા જણાવી દઉં તો દુનિયાભરના મીડિયામાં હંગામો મચી જશે !

નવી દિલ્હી, તા. 11 : પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JeM)ના વડા મસૂદ અઝહરનું એક કથિત ઓડિયો રેકોર્ડિંગ સામે આવ્યું છે. આ રેકોર્ડિંગમાં તે દાવો કરી રહ્યો છે કે મોટી સંખ્યામાં આત્મઘાતી હુમલાખોરો કોઈપણ ક્ષણે હુમલો કરવા માટે તૈયાર છે. મસૂદ અઝહર સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા જાહેર કરાયેલ આતંકવાદી છે, જે લાંબા સમયથી પાકિસ્તાનથી ભારત વિરુદ્ધ હુમલાઓનું કાવતરું ઘડવાનો આરોપ ધરાવે છે.

આ રેકોર્ડિંગમાં અઝહર એમ કહેતો સંભળાય છે કે ૧,૦૦૦ થી વધુ આત્મઘાતી બોમ્બરો તૈયાર છે અને ભારત પર હુમલો કરવા માટે તેની પરવાનગી માંગી રહ્યા છે. તેણે સૂચવ્યું કે જો તેના લડવૈયાઓની ચોક્કસ સંખ્યા જાહેર કરવામાં આવે તો દુનિયા સ્તબ્ધ થઈ જશે. તેના પોતાના શબ્દોમાં: આ (આત્મઘાતી બોમ્બરો) એક નથી, બે નથી, ૧૦૦ નથી, ૧,૦૦૦ પણ નથી. જો હું પૂરી સંખ્યા જણાવી દઉં, તો કાલે દુનિયાના મીડિયામાં હંગામો મચી જશે...તેણે એવો પણ દાવો કર્યો હતો કે આ વ્યક્તિઓ હુમલા કરવા અને તેમના હેતુ માટે 'શહાદત' વહોરવા માટે અત્યંત પ્રેરિત છે. જોકે, આ ઓડિયો રેકોર્ડિંગની તારીખ અને તેની સત્યતાની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ શકી નથી. અઝહર વર્ષોથી ભારત વિરુદ્ધ ઉશ્કેરણીજનક નિવેદનો આપતો રહ્યો છે. તેના પર ૨૦૦૧ના સંસદ ભવન પરના હુમલા અને ૨૦૦૮ના મુંબઈ હુમલા સહિત અનેક મોટા આતંકવાદી હુમલાઓનો માસ્ટરમાઈન્ડ હોવાનો આરોપ છે. મસૂદ અઝહર ૨૦૧૯ પછી જાહેરમાં જોવા મળ્યો નથી. તે વર્ષે, બહાવલપુરમાં તેના અડ્ડા પર અજ્ઞાત હુમલાખોરો દ્વારા એક શક્તિશાળી વિસ્ફોટ કરવામાં આવ્યો હતો, જેમાં તેનો બચાવ થયો હતો. ત્યારથી, તે મોટે ભાગે જાહેરમાં દેખાવાથી દૂર રહ્યો છે.

અમેરિકા અને ઇઝરાયેલી દળોને નિશાન બનાવવાની ઇરાનની ફરી ચેતવણી

ઈરાનના વિરોધ પ્રદર્શનોને બે સપ્તાહ પુરા થયા : મૃત્યુઆંક 203

ઇરાની સંસદના સ્પીકરે ઇરાનના લોકોને વિરોધ પ્રદર્શનોથી દૂર રહેવા ચેતવણી આપી

મૃતકોમાં 162 પ્રદર્શનકારીઓ છે, 41 સુરક્ષા દળોના સભ્યો, મરણાંક હજુ વધારે હોવાની સંભાવના

દુબઈ, તા. 11 (AP): ઈરાનની ધર્મશાહીને પડકારતા દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો રવિવારે બે અઠવાડિયાના આંકને વટાવી ગયા હતા, જેમાં પ્રદર્શનકારીઓ દેશની

...અનુસંધાન પાના 2 પર

મૃતદેહોના ઢગલા, શબઘરો ભરાઈ ગયા: વિરોધ પ્રદર્શનો વચ્ચે ઈરાનની હોસ્પિટલો દબાણ હેઠળ

મોટા પાયે સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો દેશભરમાં ફેલાઈ રહ્યા છે ત્યારે ઈરાનની હોસ્પિટલો દર્દીઓના ઉછાળાનો સામનો કરવા માટે સંઘર્ષ કરી રહી છે . તેહરાન સહિત અનેક હોસ્પિટલોના ઇમરજન્સી વોર્ડ, સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા હિંસક કાર્યવાહી બાદ મૃતદેહોના ઢગલા થયાનું

...અનુસંધાન પાના 2 પર

દિલ્હીના દંપતીને ડિજિટલ એરેસ્ટ' કરી, આશરે રૂ. 15 કરોડ ધૂતી લેવાયા

રાષ્ટ્રીય સુરક્ષાનો મામલો ગણાવીને દંપતીને બે અઠવાડિયાથી વધુ સમય સુધી ડિજિટલ એરેસ્ટમાં રખાયું

નવી દિલ્હી, તા. 11 : અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે, દક્ષિણ દિલ્હીના ગ્રેટર કૈલાસમાં રહેતા એક વૃદ્ધ ડૉક્ટર દંપતીને સાયબર ગુનેગારોએ બે અઠવાડિયાથી વધુ સમય સુધી 'ડિજિટલ એરેસ્ટ' હેઠળ રાખ્યા બાદ 14.85 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.

...અનુસંધાન પાના 2 પર

સરળ બનાવાયેલો નવો આવકવેરા કાયદો પહેલી એપ્રિલથી અમલી બનશે

બજેટમાં વેરા સંબંધિત જે ફેરફારો જાહેર કરવામાં આવશે તેને આ આવકવેરા અધિનિયમ, 2025માં સામેલ કરવામાં આવશે

નવી દિલ્હી, તા. 11 (PTI): આગામી 1 એપ્રિલથી આવકવેરા અધિનિયમ, 2025 અમલમાં આવશે, જે છ દાયકા જૂના ટેક્સ કાયદાનું સ્થાન લેશે. વર્ષ 2026-27ના બજેટમાં ટેક્સ કાયદાઓમાં જે પણ ફેરફારો કરવામાં આવશે, તેને આ નવા કાયદામાં સામેલ કરવામાં આવશે.

2025નો આ નવો આવકવેરા કાયદો 'રેવન્યુ ન્યુટ્રલ' છે, એટલે કે ટેક્સના દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેણે માત્ર પ્રત્યક્ષ વેરા કાયદાઓને સમજવામાં સરળ બનાવ્યા છે અને અસ્પષ્ટતાઓ દૂર કરી છે, જેથી કાયદાકીય વિવાદોની શક્યતા ઘટી શકે. 1961ના આવકવેરા અધિનિયમની સરખામણીએ આ નવા કાયદામાં લખાણ અને કલમોમાં આશરે 50 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

નવો કાયદો 'એસેસમેન્ટ યર' (આકારણી વર્ષ) અને 'પ્રિવિયસ યર' (પાછલું વર્ષ) વચ્ચેનો તફાવત નાબૂદ કરીને તેને એક સિંગલ 'ટેક્સ યર' માળખામાં બદલીને ટેક્સની સમયમર્યાદાને સરળ બનાવે છે. તે કરદાતાઓને સમયમર્યાદા પૂરી થયા પછી આઈટીઆર (ITR) ફાઈલ કરવામાં આવે ત્યારે પણ, કોઈ પણ

...અનુસંધાન પાના 2 પર

અશ્લીલ સામગ્રી મુદ્દો : Xએ ભૂલ સ્વીકારી, 600 એકાઉન્ટ્સ દૂર કર્યા

ઇલોન મસ્કની X કંપનીએ ખાતરી આપી કે તે ભારતીય કાયદાઓનું પાલન કરશે

ભારત સરકારે બીજી જાન્યુઆરીએ Xને ગ્રોક પરથી અશ્લીલ સામગ્રી દૂર કરવા આદેશ આપ્યો હતો

નવી દિલ્હી, 11 જાન્યુઆરી (PTI): માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ X (અગાઉનું ટ્વિટર) એ પોતાની ભૂલ સ્વીકારી છે અને ઈલોન મસ્ક સમર્થિત AI ચેટબોટ 'ગ્રોક' (Grok) સાથે જોડાયેલી અશ્લીલ સામગ્રી અંગે આઈટી મંત્રાલયે ચિંતા વ્યક્ત કર્યા બાદ, લગભગ 3,500 પોસ્ટ્સ હટાવી દીધી છે અને 600 થી વધુ એકાઉન્ટ્સ ડિલીટ કર્યા છે, તેમ

...અનુસંધાન પાના 2 પર